# સંદેશ

Date: 15 Feb, 2017 Page # 9



વેધ વિગતો જાહેર કરાઇ છે. જોઇ શકાશે. પરીપત્ર કરી સુચના અપાઇ છે.


# કોબાલ્ટ-ટાઈટેનિયમ ઈમ્પ્લાન્ટના બદલે મેગ્નેશ્યમથી બનેલું હાડકું આવશે

## ■ IIT-RAM સંસ્થાને ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજિની ૧.૫૫ કરોડની ગ્રાન્ટ

અમદાવાદ, તા.૧૩

કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજિ દ્વારા અમદાવાદના ખોખરા સ્થિત આઈઆઈટી-રામના પ્રોફેસરોના ચાર પ્રોજેક્ટ માટે રૂ.૧.૫૫ કરોડની રિસર્ચ ગ્રાન્ટ મંજૂર કરી છે. મેગ્નેશ્યમ મિશ્ર ધાતુથી બનેલા ઈમ્પ્લાન્ટના કારણે કુદરતી હાડકા જેવું ધાતુનું હાડકું ભારતમાં જ બનશે. ડેટા સ્ટોરેજ માટેના ડિવાઈસ વધુ નાના બનાવવાના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

ખોખરા સ્થિત ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજિ રિસર્ચ એન્ડ મેનેજમેન્ટના મિકેનિકલ ડિપાર્ટમેન્ટના આસી.પ્રો.ડો.પ્રમોદ ભીંગોલેએ 'ફેબ્રિકેશન, સરફેસ મોડિફિકેશન એન્ડ ઈવેલ્યુશન, નેચરલ બોન ફોર ધ બોન ઈમ્પ્લાન્ટ એપ્લીકેશન્સ' પ્રોજેક્ટ રજૂ કર્યો છે. જેની રૂ.૩૫ લાખની ગ્રાન્ટ મંજૂર થઈ છે. હાલમાં કોબાલ્ટ, ટાઈટેનિયમ કે સ્ટેનલેસ સ્ટીલના સળીયા ફ્રેક્ચર વખતે બેસાડવામાં આવે છે. આ ત્રણેય મોંઘા પડે છે. પરંતુ મેગ્નેશ્યમ મિશ્ર ધાતુ મજબૂત અને સસ્તુ પડે છે. તે હાડકા જેવું જ દેખાય છે. આ ક્ષેત્રમાં ખૂબ ઓછાએ રિસર્ચ કર્યું છે. જેથી ડીએસટીએ આ પ્રોજેક્ટ ખાસ મંજૂર કર્યો છે. કેમકે આ પ્રોજેક્ટ મેડ ઈન ઈન્ડિયા બનશે.

કેમિસ્ટ્રીના આસી.પ્રો.ડો.સૌરવ દાસનો 'ડિઝાઈન ઓફ મલ્ટીસાઈટ કોઓર્ડિનેટીંગ લીગેન્ડસ ફોર ધ એસેમ્બલી ઓફ મોલેક્યુલર મેગ્નેટસ બેઝડ ઓન મેટલ ક્લસ્ટર'ને ડીએસટીએ રૂ.૩૨ની ગ્રાન્ટ ફાળવી છે. આ પ્રોજેક્ટમાં ડિજીટલ ઈન્ફોર્મેશન સ્ટોર કરવી હોય તો તે માટેના ડેટા સ્ટોરેજ ડિવાઈસ કઈ રીતે નાના થઈ શકે તેના પર કામ થશે. ડેટા સ્ટોરેજ બનાવવા માટેના નેનો મેગ્નેટીક પાર્ટીકલ હજુ પણ નાના કરાશે જેથી ઓછી જગ્યામાં વધુ ડેટા સમાઈ શકશે. ફિઝીક્સ વિભાગના આસીસ્ટન્ટ પ્રો.ડો.ધીરજકુમાર સિંગે 'મોલેક્યુલર સ્ટ્રક્ચર એન્ડ વાઈબ્રેશનલ ડાયનામિક્સ ઓફ આયોનિક લિક્વિડસ એન્ડ ધેર બાયનરી મિક્સ્ચર વીથ સોલવન્ટસ' પ્રોજેક્ટ રજૂ કરતા ડીએસટીએ ૫૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરી છે. ગ્રીનહાઉસ ઈફેક્ટ ઓછી થાય આ પ્રોજેક્ટમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ ઓછું કરવા સંબંધી છે. એરોસ્પેસ, સ્પેસ, બાયોમેડિકલ, ઓટોમેટિવ પાર્ટ, મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીમાં એનર્જી કઈ રીતે બચાવી શકાય તેના પર કામ કરવામાં આવશે.


## પશ્ચિમ રેલવે

### લિફ્ટની જોગવાઈ

નાયબ મુખ્ય ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ) પશ્ચિમ રેલવે પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪, ઈ-ટેન્ડર નંબર-ટીઆરસી-૧૭૦-૨૦૧૭ આમંત્રીત કરે છે. કામનું નામ : રેલવે સ્ટાફ કોલેજ (એનએઆઈઆર) વિશ્વકક્ષાની સુવિધાના વિકાસ માટેના કામના જોડાણ સંદર્ભે લિફ્ટની જોગવાઈ કરવી. આરએસસી/બીઆરસી ખાતે. કામનો અંદાજિત ખર્ચ રૂ. ૨૯૭૫૦૦૦/- બાનાની રકમ રૂ.૫૯૫૦૦/-સૂચના : સંપૂર્ણ ભરેલા ઈ-ટેન્ડર ફોર્મ્સ તા.૨૪-૦૩-૨૦૧૭ ના ૧૫.૦૦ કલાક સુધી વેબસાઈટ પર જમા કરાવી શકાય છે. ટેન્ડર તા. ૨૪.૦૩.૨૦૧૭ ના ૧૫-૩૦ કલાકે ખુલશે. પાત્રતાના માપદંડ સહિત ટેન્ડરની સંપૂર્ણ જાણકારી પશ્ચિમ રેલવેની વેબસાઈટ www.ireps.gov.in. પરથી મેળવી શકાશે.

અમને ફોલો કરો: twitter.com/WesternRly

## મિલિટરી એન્જિનિયર્સ સર્વિસ

### ઈ-ટેન્ડરો આમંત્રિત કરતી નોટિસ